## સુરત મહાનગરપાલિકા

## " જાહેરનામુ "

હાલમાં, વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ. ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં સંક્રમણને ધ્યાને લેતા કેટલાક વિસ્તારમાં સોશીયલ ડીસ્ટન્સીંગ( Social Distancing ) જળવાવુ જોઈએ તે જળવાતુ નથી. જેથી નોવેલ કોરોના વાયરસ COVID-19 નું સંક્રમણ ફેલાવવાની ઘણી શકયતાઓ રહેલી છે.

આથી, હું બંછાનિધિ પાની, IAS કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીસીઝ એકટ–૧૮૯૭ ની કલમ–૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Date :20/03/2020 ના પેરા–૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ રાંદેર ઝોન વિસ્તારના " ટી.પી.૧૩, ફા. પ્લોટ નં.૪૯ EWS આવાસ, સરસ્વતિ સ્કુલ પાસે, હનીપાર્ક રોડ, સુરત વાળા વિસ્તારની ૨૦ (વીસ) બિલ્ડીંગમાં કુલ ૩૨૦ ફ્લેટમાં રહેતા અંદાજીત ૧૨૮૦ લોકોને" CLUSTER તરીકે જાહેર કરી અન્ય બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ કવોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ – ૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ–૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કમિશ્નર

સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ./૩૭

તા. ૨૭/૦૪/૨૦૨૦